સં. ૧૯૭૧ માં ભાવનગરમાં થયેલા ઉપધાનનું સ્મરણ ચિન્હ.

# उपधान विधि.

સંસ્કૃત અને માગધી વિધિઓ ઉપરથી
પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજની
સહાયથી તૈયાર કરનાર,


## શા કુંવરજી આણંદજી.

ભાવનગર.



આવૃત્તિ ત્રીજી.

છપાવી પ્રકટ કરનાર,

श्री जैन धर्म प्रसारक सभा.

भावनगर.

સંવત ૧૯૮૩. વીર સંવત ૨૪૫૩.


શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી
ઉપધાન વહન કરવાના ઇચ્છિકોને ભેટ.


શ્રી બહાદુરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસમા
શા. અમરચંદ બહેચરદાસે છાપ્યું.

# હેતુ.

સંવત ૧૯૭૧ ના કાર્તિક શુદિ ૧૦ મ ભાવનગરના ઉપધાન વહન કરવાનું શરૂ થયું. આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરના પરિવારના ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી તથા પંન્યાસજી શ્રી દાનવિજયજી વહેવરાવનાર હતા. ઉપધાનવાહકોની સંખ્યા ૩૦૦ ઉપરાંત શ્રાવક શ્રાવિકાઓની હતી. ઉપધાન વહન કરવાનો તમામ ખર્ચ શા. આણંદજી પુરૂષોત્તમ તવ્સ્થી કરવાને શ્રી સંઘનો આદેશ મેળવવામાં આવ્યો હતો. પરંતુ સંઘના અનેક ગૃહસ્થોએ ઉપધાનવાહકોની ભકિત બહુ શ્રેષ્ટ રીતે કરી હતી. આ પ્રસંગે ઉપધાન સંબંધી વિધિનું તદ્દન અજ્ઞાતપણું ઉપધાનવાહકોમાં દ્રષ્ટિગોચર થવાથી તે સંબંધી જરૂરની બાબતોનું જાણપણું શ્રાવક શ્રાવિકાઓને થાય તો ઠીક એમ અંતઃકરણમાં આવવાથી પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજ પાસે તે સંબંધી વિધિ વાંચી સમજીને આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે. ત્યારપછી તેઓ સાહેબ પાસે પસાર કરાવી, પંન્યાસજી શ્રી સિદ્ધિવિજયજી મહારાજને વાંચવા મોકલી, તેઓ સાહેબે લખી મોકલેલી સૂચનાઓ અનુસાર સુધારો વધારો કરીને આ લેખ પ્રથમ સં. ૧૯૭૧ માં બહાર પાડવામાં આવ્યો હતો. પછી સંવત ૧૯૭૬ માં છપાવ્યો હતો. આ ત્રીજી આવૃત્તિ છે. આમાં જે કાંઇ સ્ખલના વિદ્વાન અને વિધિના અનુભવી મુનિરાજને જણાય તે અમને લખી મોકલવા કૃપા કરવી અમે હવે પછી ચોથી આવૃત્તિ વખતે જરૂર તેનો યોગ્ય અમલ કરશું.

વિધિના જાણ પ્રથમ થઇને પછી જો કોઈ પણ ક્રિયા કરવામાં આવે તો જ તે વિશુદ્ધ થઈ શકે છે. તેને માટે જ આ પ્રયત્ન કરવાની જરૂર ધારી છે, આશા છે કે ઉપધાન વહન કરવાના ઇચ્છક શ્રાવક શ્રાવિકાઓ આ બુકનો યોગ્ય લાભ લેશે, જેથી લેખકનો પ્રયાસ સફળ થશે. તથાસ્તુ.

કાર્તિક સુદિ ૧ } શા. કુંવરજી આણંદજી

સં. ૧૯૮૩. } ભાવનગર.

# अनुक्रमणिका.


૧ ઉપધાન એટલે શું ? ... ... ... ૧
૨ ઉપધાન વહેવાની આવશ્યકતા... ... ... ૨
૩ ૭ ઉપધાનના નામ, દિવસો, તપ વિગેરે... ... ૪
૪ ઉપધાનના એકાસનમાં શું શું વપરાય ? ... ૭
૫ ૭ ઉપધાનની વાંચનાઓ. ... ... ... ૯
૬ ઉપધાનની પ્રવેશ વિધિ, પ્રભાત વિધિ.... ... ૧૦
૭ સંધ્યા અનુષ્ઠાનવિધિ. ... ... ... ૧૩
૮ દરરોજ કરવાની ક્રિયા ને તેની વિધિ.... ... ૧૪
૯ પુરૂષો અને સ્ત્રીએ રાખવાના ઉપકરણો.... ... ૧૭
૧૦ વાંચના લેવાની વિધિ. ... ... ... ૧૮
૧૧ શું શું કારણે દિવસ પડે ? ... ... ... ૧૯
૧૨ આલોયણના કારણો. ... ... ... ૨૧
૧૩ માળા પરિધાપન વિધિ. ... ... ... ૨૩
૧૪ આલોયણ લેવાની વિધિ. ... ... ... ૨૫
૧૫ ઉપધાન સંબંધી વિશેષ હકીકત. ... ... ૨૬
૧૬ ઉપધાનનું સ્તવન. ... ... ... 30

# उपधान.

## ઉપધાન એટલે શું ?

મુનિમહારાજાઓને સૂત્રસિદ્ધાંતોના અભ્યાસની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે જેમ યોગોદ્વહન કરવાનું પરમાત્માએ સિદ્ધાંતોદ્વારા ફરમાવ્યું છે અને તે આજ્ઞાનું આરાધન કરવાના અભિલાષી મુનિઓ યોગોદ્વહન કરે છે, તે પ્રમાણે શ્રાવકોને માટે દેવવંદનમાં આવતા સૂત્રોને માટે ઉપધાન વહન કરવાનું શાસ્ત્રકારે ફરમાવેલું છે. પ્રથમ અક્ષર માત્ર તે તે સૂત્રો કંઠે કર્યા હોય અથવા અર્થ સહિત તેનું પરિજ્ઞાન મેળવ્યું હોય પરંતુ જેમ અનેક પ્રકારના મંત્રો સિદ્ધ કરવાને માટે તેના કલ્પ મુજબ અમુક તપસ્યા કરવી પડે છે, અમુક સ્થિતિમાં, અમુક સ્થળે, અમુક આસને બેસવું પડે છે, અમુક સંખ્યામાં તે તે મંત્રનો એકાગ્ર ચિત્તે જાપ કરવો પડે છે અને તે પ્રસંગે પ્રાપ્ત થતા ઉપદ્રવો-ઉપસર્ગો સહન કરવા પડે છે, ત્યારે તે મંત્રો સિદ્ધ થાય છે અને પછી તેનો યથાયોગ્ય ઉપયોગ કરી શકાય છે, તેમ નમસ્કારાદિ સૂત્રોને યથાયોગ્ય રીતે પ્રાપ્ત કરવા માટે અમુક તપસ્યા કરવી, અમુક સ્થિતિમાં રહેવું, અમુક સંખ્યામાં તેનો નિરંતર જાપ કરવો, અને ઉપધાન વહન કરાવવાની યોગ્યતા ધરાવનારા મુનિરાજ પાસે તે તે સૂત્રોની વિધિપૂર્વક વાંચના લેવી ઇત્યાદિ ક્રિયા કરવામાં આવે છે તેને ઉપધાન કહેવામાં આવે છે. ઉપધાન શબ્દનો અર્થ-ઉપ એટલે સમિપે-ગુરૂ સમિપે-ધાન એટલે ધારણ કરવું, ' નવકારાદિ

સૂત્રોને શાસ્ત્રોકત વિધિ મુજબ ગુરૂમહારાજને મુખેથી ગ્રહણ કરવા ' તે થાય છે. આ શબ્દનો બીજી રીતે પણ અર્થ થઈ શકે છે.

## ૧ ઉપધાન વહેવાની આવશ્યકતા.

ઉપધાન વહન કરવાની ફરજ સર્વ શ્રાવક શ્રાવિકાઓની છે. છતાં તપશક્તિ વિગેરેના અભાવે અથવા મંદભાવે સર્વથી ઉપધાન વહન કરવાનું બની શકતું નથી, તોપણ જ્યારે તેવી શક્તિ પ્રાપ્ત થાય ત્યારે અવશ્ય ઉપધાન વહન કરવા એવી ધારણા-શ્રદ્ધા અવશ્ય રાખવી. જેઓ ઉપધાન વહન કરવાની શી જરૂર છે ? એમ કહેનારા-તેની શ્રદ્ધા વિનાના છે તેને શાસ્ત્રકાર મિથ્યાદ્રષ્ટિ તેમજ અનંતસંસારી કહે છે.

ઉપધાન વહન કરવાની પ્રવૃત્તિ હાલમાં કેટલેક દરજ્જે વધતી જાય છે. પરંતુ તે વહન કરનારમાં મોટો ભાગ સ્ત્રીવર્ગનો હોય છે અને તેમાં પણ મોટો ભાગ અજ્ઞાનીઓનો હોય છે, પણ તેથી એમ સમજવાનું નથી કે એ કરણી અજ્ઞાનીની કે સ્ત્રીવર્ગની છે, તે કરણી તો શુદ્ધ સમકિત દ્રષ્ટિ સુજ્ઞ શ્રાવક શ્રાવિકાની છે, અને શ્રાવકપણામાં પણ ખાસ કરીને ઉચ્ચ પ્રતિની એ કરણી છે, પરંતુ કાળાનુસાર શકિતની મંદતાથી તેમજ શ્રદ્ધાની મંદતાથી અને સુખશીલપણાથી સુજ્ઞ ગણાતો પુરૂષવર્ગ એ ક્રિયામાં ઓછો દાખલ થાય છે, પણ એમ કરવાથી મનુષ્ય જીંદગીમાંજ લઈ શકાય તેવા એક અત્યુત્તમ લાભથી તેઓ બેનશીબ રહે છે.

ઉપધાન વહન કરવાથી અનેક પ્રકારના લાભો થાય છે. પ્રથમ તો શ્રીજિનેશ્વરની આજ્ઞાનું આરાધન થાય છે, તપસ્યા

વડે કર્મોનું શોષણ થાય છે, અસારભૂત શરીરમાંથી સાર ગ્રહણ થાય છે, શ્રુતની અપૂર્વ ભકિત થાય છે, દરરોજનો પોસહ કરવાનો હોવાથી મુનિપણાની તુલના થાય છે, ભાગ્યયોગે મુનિપણું આગળ પ્રાપ્ત થાય તો તેમાં સવળતા થઈ જાય છે, ઇંદ્રિયોનો નિરોધ થાય છે, કષાયનો સંવર થાય છે, આખો દિવસ સંવર કરણીમાં જ નિર્ગમે છે, દેવવંદનાદિવડે દેવભકિત અને ગુરૂવંદનાદિવડે ગુરૂભકિત થાય છે. ઈત્યાદિ અનેક લાભો તેથી પ્રાપ્ત થાય છે. મનુષ્યની જીંદગીમાં અને શ્રાવકપણામાં આ કાળે કરી શકાય તેવી ધર્મકરણીમાં આ એક ઉચ્ચ પ્રતિની કરણી છે, તેના અધિકારી થવું એ પણ પૂરા ભાગ્યોદયની નિશાની છે.

ઉપધાન વહનની આવશ્યકતાને અંગે પ્રારંભમાં આટલો નિર્દેશ કરી હવે ઉપધાન કયા કયા સૂત્રોના વહન કરવામાં આવે છે ? તેનું દિવસનું ને તપસ્યાનું પ્રમાણ કેટલું છે ? તેમાં વાંચના કયારે કયારે લેવાય છે ? તેનો વિધિ શું છે ? તેની અંદર એકાશનમાં કઈ કઈ વસ્તુ કેવી રીતે વપરાય છે ? કઇ વસ્તુ વાપરવાનો નિષેધ છે ? કયા કયા કારણો આલોયણ આવે તેવા છે ? કયા કયા કારણોથી દિવસ પડે છે ? દિવસ પડે એટલે શું ? ઉપધાન વહન કરતાં દરરોજ શું શું ક્રિયાઓ કરવાની છે ? કેટલા ઉપકરણો સ્ત્રીઓએ અને પુરૂષોએ રાખવા પડે છે ? આ સિવાય બીજી ઉપધાનને અંગે જાણવા યોગ્ય હકીકત શી શી છે ? ઉપધાનમાંથી નીકળ્યા પછી ધાર્મિક વર્તનને અંગે શું શું કરવું પડે છે ? ઈત્યાદિ બાબતો તેની વિધિઓ ઉપરથી તેમજ ગુરૂમહારાજની સમિપેથી જાણીને આ નીચે બતાવવામાં આવેલ છે. તેની અંદર જે વિધિ ગુરૂ-

મહારાજને કરાવવાની છે, તે તેમનાથીજ કરાવી શકાય છે, સ્વતઃ કરાતીજ નથી, તેથી તે લખવામાં આવેલ નથી. તમજ કઇ બાબતની આલોયણ શું આવે તે પણ ગુરૂમહારાજને આધીન હકીકત હોવાથી તે પણ લખવામાં આવેલ નથી માત્ર ઉપધાન વહન કરનારા તેમજ કરવાની ઇચ્છાવાળાના હૃદયપટ ઉપર કેટલુંક અજવાળું પડે અને કેટલીક બાબતમાં બહુ પૂછપરછ કરવાની જરૂર ન પડે, ક્રિયામાં સવળતા થાય તેટલા માટે આ અલ્પ પ્રયાસ કરવા ઇચ્છા કરી છે આશા છે કે તે કેટલેક દરજ્જે ઉપયોગી થશે.

ઉપધાનની વિધિ જીતવ્યવહારને અનુસારે લખવામાં આવેલી છે. શ્રી મહાનિશિથ સૂત્રમાં તે સંબંધી વિશેષ અધિકાર દ્રષ્ટિગોચર થાય છે. ઉપધાન વહન કરાવવાના અધિકારી પણ શ્રી મહાનિશિથ સૂત્રના યોગ વહન કરનાર અથવા ગણિ કે પંન્યાસ થયા હોય તેવા મુનિ છે. તેમાં પણ જેમનો શાસ્ત્રબોધ વિશેષ હોય, ક્રિયા કરાવવામાં પ્રવીણ હોય, શુદ્ધ અને પૂર્ણ ક્રિયા કરાવવાની રૂચિવાળા હોય, તેનું રહસ્ય સમજતા હોય, એવા મુનિ મહારાજા પાસે ઉપધાન વહન કરવા યોગ્ય છે કે જેથી કરેલી ક્રિયા શુદ્ધ થવા સાથે તેને અંગે બીજા પણ અનેક લાભ થઇ શકે.

## ૨ છ ઉપધાનના નામ, દિવસો, તપ વિગેરે.

ઉપધાન ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં અથવા દેવવંદનમાં આવતા સૂત્રોના વહન કરાય છે. તેના મુખ્ય ૬ વિભાગ છે.

પ્રથમ ઉપધાન–પંચમંગળ મહાશ્રુતસ્કંધ ( નવકાર ) નું.

બીજું ઉપધાન-પ્રતિક્રમણ શ્રુતસ્કંધ ( ઇરિયાવહી, તસ્સ ઉતરી ) નું.

ત્રીજું ઉપધાન-શક્રસ્તવાધ્યયન ( નમુથ્થુણં ) નું.

ચોથું ઉપધાનં-ચૈત્યસ્તવાધ્યયન ( અરિહંત ચેઇયાણં, અન્નથ્થ ઉસસિએણં ) નું.

પાંચમું ઉપધાન-નામસ્તવાધ્યયન ( લોગસ્સ ) નું.

છઠું ઉપધાન-શ્રુતસ્તવ સિદ્ધસ્તવાધ્યયન ( પુખ્ખરવરદ્દી અને સિદ્ધાણં બુદ્ધાણં-વૈયાવચ્ચગરાણં ) નું.

આ છ ઉપધાન વહન કરવાના દિવસો અનુક્રમે ૧૮-૧૮ ૩૫-૪-૨૮-૭ એ પ્રમાણે કુલ મળીને ૧૧૦ થાય છે. છ ઉપધાનમાં તપ અનુક્રમે ૧૨॥-૧૨॥-૧૯॥-૨॥-૧૫॥-૪॥ ઉપવાસ પ્રમાણ કરવાનો છે. કુલ ઉપવાસ ૬૭ નું પ્રમાણ થાય છે.

તિવિહાર કે ચૌવિહાર ઉપવાસ કરે તે એક ઉપવાસ ગણાય છે. બે આંબિલે એક ઉપવાસ ગણાય છે. ત્રણ નીવીએ એક ઉપવાસ ગણાય છે, ચાર એકાસણે એક ઉપવાસ ગણાય છે આઠ પુરિમડ્ઢ એક ઉપવાસ ગણાય છે. એ પ્રમાણે બીજા નમુક્કારસહી વિગેરે તપને માટે પણ અમુક સંખ્યાએ એક ઉપવાસ ગણાય એવો પ્રબંધ છે. [1] અહીં ખાસ કરીને આંબિલ, એકાસણ ને પુરિમડ્ઢ સંબંધી તપનોજ સંબંધ હોવાથી

(૧) ૪૫ નવકારસહીએ ૨૪ પોરિસીએ, ૧૮ સાઢ પોરિસીએ, ૧૬ દુવિહાર પુરિમડ્ઢે, ૧૨ તિવિહાર પુરિમડ્ઢે, ૮ ચૌવિહાર પુરિમડ્ઢે, ૧૦ તિવિહાર અવડ્ઢે, ૬ ચૌવિહાર અવડ્ઢે, ૮ બીયાસણે, ૪ એકાસણે, ૩ નીવીએ, ૨ આયંબિલે, ૧ શુદ્ધ આયંબિલે ઉપવાસ ગણાય છે.

તેનું પ્રમાણુ ધ્યાનમાં રાખવાનું છે. અને ત રીતે તપ પૂર્ણ કરવાનો છે. આ સમગ્ર તપ પૌષધ ( અહોરાત્રિનો ) ની સાથેજ કરવાનો છે.

છ ઉપધાન સાથે વહન કરવામાં કાળ વધારે જોઇએ, તેટલો વખત એક સાથે શ્રાવક શ્રાવિકા સંસાર છોડીને પૌષધમાં રહેવાની સ્થિરતા કરી શકે નહીં તેથી ત્રીજું ને પાંચમું ઉપધાન વહન કરવાનું બાકીમાં રાખી બાકીના ચાર ઉપધાન જેનું એકંદર પ્રમાણુ ૪૭ દિવસનું થાય છે તે એક સાથે વહેવામાં આવે છે. અને તેને અંતે માળ પહેરવામાં આવે છે. આ માળ ઉપધાન વહનની સમાપ્તિસૂચક છે. તે સંબંધી વિશેષ હકીકત માળારોપણુના પ્રસંગમાં પ્રદર્શિત કરવામાં આવશે.

એક સાથે વહેવાના ૪ ઉપધાનો પૈકી ગાઢ કારણુથી જો એક કે બે અઢારીયા એટલે પહેલું ને બીજું ઉપધાન વહન કરવામાં આવે તો અથવા એક અઢારીયુંજ વહન કરવામાં આવે તો ત્યારપછી જો બાર વર્ષની અંદર ફરીને ઉપધાન વહન કરે તો તે અઢારીયું લેખામાં ગણુાય, ત્યારપછી લેખામાં ન ગણુાય. અને ચોથું ને છઠું ઉપધાન વહન કર્યા પછી છ માસની અંદર માળ ન પહેરે તો એ બે ઉપધાન બાર વર્ષની અંદર જ્યારે માળ પહેરે ત્યારે ફરીને વહેવા પડે.

આ ઉપધાન સંબંધી તપ પ્રથમ બીજી રીતે કરાવવામાં આવતો હતો, પરંતુ શારિરીક સ્થિતિ મંદ થવાના કારણુથી હાલમાં પૂર્વાચાર્યોએ તપનો ક્રમ ફેરફાર કરી દિવસોમાં વૃદ્ધિ કરીને ઉપર બતાવેલો ક્રમ ઠરાવેલો છે. દૃષ્ટાંત તરીકે પૂર્વે પ્રથમ ઉપધાન ૧૬ દિવસે વહેવરાવતા હતા. તેમાં પ્રથમ ૫ ઉપવાસ

૭

પછી ૮ આંબેલ અને પછી ૩ ઉપવાસ કરાવતા હતા, એટલે તેમાં પણ તપ તો કુલ ૧૨ ઉપવાસ પ્રમાણ થતો હતો. તે ક્રમ ફેરવી બે દિવસ વધારી હાલમાં એકાંતર ઉપવાસ કરાવી ૧૮ દિવસે પ્રથમ ઉપધાન વહન કરાવવામાં આવે છે એ પ્રમાણે અન્ય ઉપધાન માટે પણ સમજી લેવું.

હાલમાં કરાતી પ્રવૃત્તિ પ્રમાણે ૧૮ દિવસમાં એકાંતરે ૯ ઉપવાસ અને ૯ એકાસણના ૨૧ ઉપવાસ ઉપરાંત એકાસણાના દિવસે પુરિમઢ્ઢ કરાવે છે તેના ઉપવાસ ૧|= શેષ કાંઇક ખુટે છે તે એકાદ દિવસ આંબિલ કરાવવાથી પૂર્ણ થાય છે. ઉપવાસને દિવસે કરવામાં આવતું પુરિમઢ્ઢ વિશેષ તપમાં ગણાતું નથી, ઉપવાસની અંતર્ગતજ તેનો સમાસ થાય છે. આંબિલ ને માટે પણ એમજ પ્રવૃત્તિ છે. શુદી ૫-૮-૧૪ અને વદિ ૮-૧૪ આ પાંચ તિથિએ જો એકાશન આવે તો તે દિવસે આંબિલ કરાવવામાં આવે છે, જેથી તપ પૂર્ણ થાય છે.

## ૩ ઉપધાનના એકાશનમાં શું શું વપરાય ?

આ એકાશન પણ સામાન્ય એકાશન જેવું નથી, તેમ તેને ( લુખી ) નીવી પણ કહી શકાય તેમ નથી. કારણ કે ( લુખી ) નીવીમાં નીવીયાતા વપરાતા નથી તે આમાં વપરાય છે. આમાં સામાન્ય એકાશન કરતાં વિશિષ્ટતા એ છે કે— તમામ વિગયો નીવીયાતી કરેલીજ વપરાય છે, કાચી વિગય વપરાતી નથી. ઘી વિગેરે નીવીયાતા કર્યા પછીજ ઉપયોગમાં લેવાય છે. તેલ પ્રાયે અલ્પજ-કવચિતજ વપરાય છે. તેનું મુખ્ય કારણ શારિરીક સ્થિતિ જાળવવાનું છે. છાશ વપરાતી નથી. દહીં પણ કઢી, શાક કે અન્ય પદાર્થોમાં નાંખીને વપરાય

છે, પણ છુટું વપરાતું નથી. લીલોતરી ( લીલી વનસ્પતિ[૧] ) નું શાક વપરાતું નથી. આ સિવાય બીજી હકીકત તેના અનુભવીથી જાણવા યોગ્ય છે. આમાં પ્રાધાન્યપણું શાસ્ત્રોક્ત મર્યાદા સાથે પ્રવૃત્તિનું છે.

પ્રથમ ઉપધાન પ્રમાણેજ બીજા ઉપધાનમાં તપ કરાવવામાં આવે છે. ત્રીજું ઉપધાન અને પાંચમું ઉપધાન જે કે ૩૫ ને ૨૮ દિવસનું છે તે છુટા એકલાજ વહન કરવામાં આવે છે. પરંતુ તે પહેલા બીજા ઉપધાન વહન કરનારા કોઇ થાય ત્યારે તેની સાથેજ વહન કરાય છે, તેથી તેમાં તપ પણ એકાંતર ઉપવાસની રીતેજ કરવામાં આવે છે. જો ખાસ તે જુદા વહેવામાં આવે તો ત્રીજા ઉપધાનમાં પ્રથમ ૩ ઉપવાસ અને પછી ૩૨ આંબેલ એમ ૩૫ દિવસે ૧૯ ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે અને પાંચમા ઉપધાનમાં પ્રથમ ૩ ઉપવાસ ને ઉપર ૨૫ આંબેલવડે ૧પાા ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે. ચોથું ઉપધાન ચાર દિવસનું છે, તેમાં પ્રથમ ૧ ઉપવાસ ને ત્રણ આંબીલ કરાવી ૨ાા ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે, અને છઠું ઉપધાન ૭ દિવસનું છે. તેમાં પ્રથમ ને પ્રાંતે ઉપવાસ અને વચ્ચે પાંચ આંબિલ કરાવી ૪ાા ઉપવાસનો તપ પૂર્ણ કરવામાં આવે છે. આ બે ઉપધાનનો ક્રમ બોલવામાં લોકોએ છકીયું ચોકીયું કહીને ફેરવી નાખ્યો છે. તેથી છકીયું એટલે છઠું ઉપધાન સમજવું. તેના દિવસો ૭ છે એટલું ધ્યાનમાં રાખવું. આ તપ મધ્યમ શક્તિવાળાની અપેક્ષાએ સમજવો.

---

૧. પાકા કેળાં, પાકી કેરી, કેરીનો રસ, લીલું શ્રીફળ ઇત્યાદિ પણ વપરાતાં નથી.

આ પ્રમાણેનો તપવિધિ સાંપ્રતકાળે તપગચ્છની પ્રવૃત્તિ પ્રમાણે લખેલો છે. તે ઉત્સર્ગે સમજવો. અસમર્થને માટે તો સહેલા ઉપાયવડે પણ તપપૂર્તિ કરાવી શકાય છે. કેમકે ક્રિયાનું વિચિત્રપણું છે. શ્રી મહાનિશિથાદિ સૂત્રમાં કહ્યું છે કે—

अह सो हविज्ज बालो, वुड्ढो वा तरुणिओवि हु असत्तो।
तो उवहाणपमाणं, पुरिज्जा निअयसत्तीए ॥ १ ॥

" જો ઉપધાન વહન કરનાર બાલક હોય, વૃદ્ધ હોય અથવા તરૂણ છતાં પણ અશક્ત હોય તો ઉપધાન તપનું પ્રમાણ પોતાની શક્તિ અનુસારે પૂર્ણ કરવું. "

## ૪ છ ઉપધાનની વાંચનાઓ.

આ છ ઉપધાન જે જે સૂત્રોના અભ્યાસ નિમિત્તે વહન કરવામાં આવે છે તેની ગુરૂમહારાજ અમુક અમુક તપના વિભાગે વિધિપૂર્વક વાંચના આપે છે એટલે તે સૂત્રપાઠ પોતે બોલે છે, અને ઉપધાનવાળા પાસે બોલાવે છે. તેમાં છએ ઉપધાનની ૨-૨-૩-૧-૩-૨ આ પ્રમાણે ક્રમથી વાંચનાઓ છે. પહેલા ઉપધાનની પહેલી વાંચના ૫ ઉપવાસ પૂરતો તપ થાય ત્યારે નવકારના પાંચ પદની અને બીજી વાંચના અઢારીયું પૂરૂં થાય ત્યારે બાકીના ૪ પદની આપે છે. બીજા ઉપધાનની બે વાંચના પૈકી પહેલી ૫ ઉપવાસ પૂરતો તપ પૂર્ણ થાય ત્યારે जे मे जीवा विराहीया સુધીની અને બીજી અઢારીયું પૂરૂં થાય ત્યારે ठामि काउसग्गं સુધી પૂરી આપવામાં આવે છે. ત્રીજા ઉપધાનની ૩ વાંચના પૈકી પહેલી ૩ ઉપવાસે पुरिसवरगंधहत्थीणं સુધી, બીજી ૮ ઉપવાસે धम्मवरचा-

**अरिंतचक्कवट्टीणं** સુધી અને ત્રીજી ૮ ઉપવાસે ઉપધાનને અંત **सव्वे तिविहेण वंदामि** સુધી પૂરી આપવામાં આવે છે. ચોથા ઉપધાનની એક વાંચના છે તે ચોથા દિવસે **अप्पाणं वोसिरामि** સુધી સાદ્યંત આપવામાં આવે છે. પાંચમા ઉપધાનની ૩ વાંચના પૈકી પહેલી ૩ ઉપવાસે એક ગાથાની, બીજી ૬ ઉપવાસે ત્રણ ગાથાની અને ત્રીજી ૬ ઉપવાસે ત્રણ ગાથાની આપવામાં આવે છે. છઠ્ઠા ઉપધાનની બે વાંચના પૈકી પહેલી ૨ ઉપવાસે પુખ્ખરવરદીની સાદ્યંત અને બીજી ઉપધાનના પ્રાંત દિવસે સિદ્ધાણું બુદ્ધાણું થી **सम्मद्दिट्ठिसमाहिगराणं** પર્યંત આપવામાં આવે છે. આ વાંચનાનો અન્ય વિધિ ગુરૂગમથી જાણી લેવો.

વાંચનાને દિવસે સ્ત્રી જાતિ માથામાં તેલ નાંખી શકે છે, માથું ઓળી શકાતું નથી. પુરૂષને ઉપધાન પૂર્ણ થતા સુધી ક્ષૌર કરાવી શકાતું નથી. એ પણ એક મુનિના સાદ્રશ્યપણાની નિશાની છે.

## ૫ ઉપધાન પ્રવેશ વિધિ. પ્રભાત વિધિ.

હવે ઉપધાનની વિધિ સંબંધી કાંઇક દિગ્દર્શન કરાવવામાં આવે છે. ઉપધાન વહન કરાવવાનું કાર્ય અમુક ગૃહસ્થ તરફથી અથવા સંઘ સમુદાય તરફથી કરાવવામાં આવે છે. અને તેને રહેવા માટે, એકાશન કરવા માટે, સ્થંડિલાદિ માટે, રાત્રે શયન કરવા માટે યોગ્યતાવાળી નિરવદ્ય જગ્યાની સગવડ કરવામાં આવે છે. તેમાં મુખ્ય તો જગ્યા નિર્જીવ હોવી જોઇએ અને માથે ચંદ્રુઆદિ જોઇએ.

ઉપધાન વહન કરાવનાર તરફથી તેની શરૂઆતને માટે મુહૂર્ત્ત જોવરાવવામાં આવે છે. અને ગુરૂમહારાજાએ બતાવેલા શુભ દિવસે ઉપાશ્રયમાં અથવા યોગ્ય સ્થાનમાં નંદી મંડાવવામાં આવે છે. ઉપધાન વહન કરનાર શ્રાવક શ્રાવિકા પ્રા:તકાળે પ્રતિક્રમણ કરી, દેવ વાંદી, પડિલેહણ કરી, જિનપૂજા કરી ગાજતે વાજતે ગુરૂમહારાજની સમિપે આવે અને શ્રીફળ અક્ષતવડે અંજળી ભરી નંદીની ત્રણ પ્રદક્ષિણા ચારે બાજુ એકેક નવકાર ગણીને દેય. પછી શ્રીફળ અક્ષત પ્રભુ પાસે મૂકી દઈ પૌષધના ઉપકરણો ગ્રહણ કરી ખમાસમણ દઇ ઇરિયાવહી પડિક્કમી પૌષધ લેવાના વિધિ પ્રમાણે પૌષધ ગ્રહણ કરે. પછી ખમાસમણ દઇ, મુહપત્તિ પડિલેહવાનો આદેશ માગી, મુહપત્તિ પડિલેહી, ખમાસમણ દઈ, હાથ જોડીને કહે કે 'ઇચ્છકારી ભગવન્ તુમ્હે અમ્હ પ્રથમ ઉપધાન પંચમંગળ મહા શ્રુતસ્કંધ[1] ઉદ્દેસાવણી, નંદી કરાવણી, દેવવંદાવણી વાસનિક્ષેપ કરો." ગુરૂ કહે 'કરેમિ' પછી શિષ્ય 'ઇચ્છં' કહી અવગ્રહમાં પ્રવેશ કરી ગુરૂપાસે વાસક્ષેપ કરાવે. ગુરૂ પ્રતિષ્ટિત વાસક્ષેપ કરે, પછી અવગ્રહથી બહાર નીકળી ખમાસમણ દઈ શિષ્ય કહે–'ઇચ્છકારી ભગવન્ તુમ્હે અમ્હ પ્રથમ ઉપધાન પંચ મંગળ મહાશ્રુતસ્કંધ ઉદ્દેસાવણી નંદી કરાવણી વાસનિક્ષેપ કરાવણી દેવ વંદાવો.' ગુરૂ કહે–'વંદાવેમિ' પછી શિષ્ય ખમાસમણ દઇ ચૈત્યવંદન કરવાનો આદેશ માગે. ગુરૂ ચૈત્યવંદન કરાવી આઠ સ્તુતિપૂર્વક દેવવંદન કરાવે. તેનો વિધિ ગુરૂગમથી જાણવો અથવા ગુરૂમહારાજ કરાવે તેમ કરવો.

---

૧ અહીં સાથે ત્રીજા કે પાંચમા ઉપધાનવાળા હોય તો તે પોતાના ઉપધાનનું નામ બોલે અથવા ત્રણેની વતી ક્રિયા કરાવનાર મુનિ બોલે.

અહીં ગુરૂમહારાજ નંદીને લગતી તમામ વિધિ કરાવે તે પ્રમાણે કરવો. બીજા ઉપધાનમાં પ્રવેશ કરતી વખતે પણ એજ પ્રમાણે નંદી મંડાવવી ને વિધિ કરવો. બાકીના ૪ ઉપધાનમાં પ્રવેશ કરતાં નંદી કે વિસ્તારથી દેવવંદન વિના સામાન્ય વિધિથી પ્રવેશ કરવો. ઇતિ ઉદ્દેશવિધિ.

દરરોજ સવારે પૌષધ લઇને ગુરૂ પાસે પવેણું (પ્રવેદન) કરવું. તેનો (પ્રવેદનનો) વિધિ ગુરૂમહારાજને કરાવવાનો હોવાથી તે અહીં લખ્યો નથી. જાણવાના ઇચ્છક બોધવાન શિષ્યે ગુરૂ પાસેથી સમજી લેવો. બનતા સુધી બોધવાન ઉપધાન વહેનારાએ તો દરેક વિધિ બરાબર સમજી લઇ દરેક આદેશ પોતેજ માગવા જોઇએ. વહન કરનારને બદલે આદેશ માગવાના શબ્દો પણ ગુરૂમહારાજ-ક્રિયા કરાવનાર બોલે છે તે ઉપધાન વહન કરનારનું વિધિથી અજ્ઞાનપણું સૂચવે છે.

પ્રવેદન વિધિમાં પચ્ચખાણ કરતાં જે ઉપધાનની ત્રણ વાંચના લેવાની હોય તેમાં પહેલી વાંચના લીધી ન હોય ત્યાં સુધી 'પૂર્વચરણુપદ પયસરાવણી,' બીજી વાંચના લીધી ન હોય ત્યાં સુધી 'ક્રમાગતપદ પયસરાવણી,' અને ત્રીજી વાંચના લીધી ન હોય ત્યાં સુધી 'ઉત્તર ચરણુપદ પયસરાવણી' એટલું કહીને જો ઉપવાસ કે આંબિલ કરવાનું હોય તો 'પાલી તપ કરશું.' એમ કહે અને જો એકાસણું કે નીવી કરવાની હોય તો 'પાલી પારણું કરશું.' એમ કહે. ગુરૂ 'કરેહ' એમ કહે, પછી શિષ્ય કહે કે 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચખ્ખાણુ કરાવો.' ગુરૂ પચ્ચખ્ખાણુ કરાવે. જેમાં બે વાંચના હોય તેમાં 'પૂર્વ ચરણુપદ પયસરાવણી' અને 'ઉત્તર ચરણુપદ પયસરાવણી' એમ જુદે જુદે વખતે કહે. અને જેમાં એકજ વાંચના હોય

તેમાં 'પૂર્વ ચરણ, ક્રમાગત ચરણ અને ઉત્તર ચરણ પદ પયસરાવણી' એમ ભેળો પાઠ બોલે.

ઉપર જણાવેલો સર્વ વિધિ પ્રભાતે કરવાનો છે. ત્યારપછી ઉપધાનવાહકે દિવસના બાકીના ભાગમાં દેવવંદન, કરવું, પચ્ચખ્ખાણ પારવું, ખમાસમણ દેવા, કાઉસગ્ગ કરવો, નવકારવાળી ગણવી ઇત્યાદિ વિધિ કરવાનો છે, તે હવે પછી બતાવવામાં આવશે.

## ૬ સંધ્યા અનુષ્ઠાન વિધિ.

સાંજે ગુરૂમહારાજની સામપે અથવા સ્થાપનાચાર્ય પાસે પડિલેહણ કરવી તેમાં સઝાય સ્ત્રીવર્ગે ઉભા ઉભા કરવી. પુરૂષો ઉભડક બેસીને 'મન્હ જીણાણં આણં' એ પાંચ[1] ગાથાની કરે. પછી ગુરૂમહારાજ સમિપે ઇરિયાવહી પડિક્કમી ઇચ્છા૦ ખમા૦ વસ્તી પવેવું? ખમા૦ ઇચ્છકારી ભગવન્ 'સુદ્ધા વસહી' એમ કહે પછી પચ્ચખ્ખાણ કરે. તેમાં એકાશન કે આંબીલને દિવસે મુહપત્તિ પડિલેહી બે વાંદણા દઇને પાણહારનું પચ્ચખ્ખાણ કરવું, ઉપવાસને દિવસે તિવિહાર ઉપવાસવાળાએ મુહપત્તિ પડિલેહીને ખમાસમણ દઇ પાણહારનું પચ્ચખ્ખાણ કરવું, અને ચૌવિહાર ઉપવાસવાળાએ[2] મુહપત્તિ પડિલેહી ખમાસમણ દઇને પચ્ચખ્ખાણ લેવું. પછી બે વાંદણા દઇ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાવું?' ગુરૂ કહે 'સંદિસાવહ' શિષ્ય કહે 'ઇચ્છા૦ બેસણે ઠાઉં?' ગુરૂ

---

૧ પ્રત્યંતરે સઝાયને ઠેકાણે સ્ત્રી વર્ગે પાંચ નવકાર ગણવા એમ કહ્યું છે. ૨ ઉપધાન પોસહ સિવાય સવારે ચૌવિહાર ઉપવાસનું પચ્ચખ્ખાણ કર્યું હોય તો તેને સાંજે પચ્ચખ્ખાણ લેવાની જરૂર નથી. ઉપધાનમાં ચૌવિહારનું કરવું.

કહે 'ઠાએહ' શિષ્ય કહે 'ઇચ્છા૦ સ્થંડિલ પડિલેહું?' ગુરૂ કહે 'પડિલેહેહ' શિષ્ય કહે 'ઇચ્છા૦ સ્થંડિલ શુદ્ધિ કરૂં?' ગુરૂ કહે 'કરેહ' શિષ્ય કહે 'ઇચ્છા૦ દિશિ પ્રમાર્જુ?' ગુરૂ કહે 'પ્રમાર્જહ' શિષ્ય અવિધિ આશાતનાનો મિચ્છામિ દુક્કડ આપે. આ બધા આદેશ ખમાસમણ દેવાપૂર્વક માગવા અને ગુરૂના વચન પછી શિષ્યે દરેક વખત 'ઇચ્છં' કહેવું.

ઇતિ સંધ્યા અનુષ્ઠાન વિધિ.

## ૭ દરરોજ કરવાની ક્રિયા.

૧ બંને ટંક પ્રતિક્રમણ કરવું-તેમાં સવારે પ્રતિક્રમણની પ્રાંતે અહોરાત્રિનો પોસહ લેવો.

૨ બે ટંક પડિલેહણ કરવી.

૩ ત્રણ ટંક દેવ વાંદવા.

૪ દેરાસરે દર્શન કરી ત્યાં આઠ સ્તુતિપૂર્વક દેવ વાંદવા.

૫ સો લોગસ્સનો એક સાથે કાઉસગ્ગ કરવો.

૬ પહેલા, બીજા, ચોથા ને છઠા ઉપધાનવાળાએ ૨૦ વીશ નવકારવાળી બાધા પારાની ગણવી. એકંદર દરરોજ ૨૦૦૦ નવકારનો જાપ કરવો. ત્રીજા ને પાંચમા ઉપધાનવાળાએ ત્રણ ત્રણ નવકારવાળી લોગસ્સની ગણવી.

૭ દરરોજ સો ખમાસમણ દેવા.

૮ એકાશન કે આંબીલ કરવું હોય કે ઉપવાસમાં પાણી પીવું હોય ત્યારે પચ્ચખ્ખાણ વિધિપૂર્વક પારવું.

૯ એકાશન કે આંબીલમાં આહાર કરીને ઉઠયા પછી ઇરિયા-વહી પરિક્કમી ચૈત્યવંદન કરવું અને દિવસ ચરિમ તિ-વિહારનું પચ્ચખ્ખાણ કરવું.

૧૦ સવારે ફરીને ગુરૂમહારાજ પાસે પોસહ લેવો, પ્રવેદન કરવું અને રાઇમુહપાત્ત પડિલેહવી.[૧] સાંજે ગુરૂમહારાજ પાસે પડિલેહણના આદેશ માગવા, દિવસ પ્રતિક્રમણ સંબધી રાઇમુહપત્તિ પ્રમાણે વિધિ કરવી ને સંધ્યા અ-નુષ્ટાન વિધિ કરવી.

૧૧ રાત્રે સંથારા પોરિસી ભણાવવી.

૧૨ સવારે છ ઘડી દિવસ ચઢે ત્યારે પોરસી ભણાવવી.

ઉપર જણાવેલી ક્રિયાઓ પૈકી પ્રતિક્રમણની વિધિ તો સર્વના જાણવામાંજ હોય તેથી લખવાની જરૂર નથી પોસહ લેવાનો વિધિ, પડિલેહણનો વિધિ, દેવ વંદનનો વિધિ, પચ્ચ-ખ્ખાણ પારવાનો વિધિ, પોરસીનો વિધિ, રાઇમુહપત્તિનો વિધિ, સંથારા પોરિસિનો વિધિ, માંડલા કરવાનો વિધિ ઇત્યાદિ સર્વ વિધિ 'પોસહ વિધિ' નામની અમારી છપાવેલી બુકમાંથી જોઇ લેવો. તેનું પુનરાવર્ત્તન અહીં કરવામાં આવતું નથી.

સો લોગસ્સનો કાઉસગ્ગ કરતાં પ્રથમ ઇરિયાવહી પડી-ક્કમી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પ્રથમ ઉપધાન પંચમંગળ મહાશ્રુતસ્કંધ આરાધનાર્થં[૨] કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં કરેમિ

---

૧ સાધુની સાથે બેસી પ્રાતક્રમણ કરનાર શ્રાવકને રાઇમુહપત્તિ કે દિવસ મુહપત્તિની વિધિ કરવાની નથી.

૨ ઉપધાન બદલાય ત્યારે નામ બદલવું. પાંત્રીશા અઠ્ઠાવીશાવાળાએ ઉપર લખી ગયા છીએ તે પ્રમાણે પોતાના ઉપધાનનું નામ લેવું.

કાઉસ્સગ્ગં વંદણ વત્તીયાએ૦ કહી ૧૦૦ લોગસ્સ–ચંદેસુનિમ્મલયરા સુધીના કાઉસગ્ગ એકાગ્રચિત્તે, સ્થિરપણે અને મૌનપણે કરવો. કાઉસગ્ગના દોષ ટાળવા[૧]–લાગવા ન દેવા. કાઉસગ્ગ પૂર્ણ થયે નમો અરિહંતાણં કહી પારીને પ્રગટ લોગસ્સ કહેવો.

'ઇતિ કાઉસ્સગ્ગ કરણ વિધિ'

ખમાસમણ સો દેવા. તેના પ્રારંભમાં 'પ્રથમ ઉપધાન શ્રી પંચ મંગળ મહાશ્રુતસ્કંધાય નમોનમઃ[૨]' કહી ખમાસમણનો આખો શુદ્ધ ઉચ્ચાર કરી સંડાસા બરાબર પડિલેહી ખમાસમણ દેવું. તેમાં પાંચે અંગ–બે હાથ, બે ઢીંચણ ને મસ્તક ભૂમિને લગાડવા. અધર રહીને કે રાખીને ખમાસમણ ન દેવું, બેઠા બેઠા પણ ખમાસમણ ન દેવા, પોતાની છતી શક્તિ ન ગોપવવી. શક્તિ ન હોય તો ગુરૂમહારાજ પાસેથી છુટ માગી લઇને બેઠા બેઠા દેવા અથવા જેટલા બની શકે તેટલા ઉભા થઇને દેવા. 'ઇતિ ખમાસમણ વિધિ.'

૨૦ નવકારવાળીને બદલે અથવા તેમાંથી જેટલો બને તેટલો જીવવિચાર, નવતત્ત્વાદિ પ્રકરણોનો પાઠ કરવો, તેની ગાથા ૧૦૦૦ પ્રમાણ સઝાય–ધ્યાન કરવું. ઓછું થાય તો બાકી રહે તેટલું નવકારવાળીથી પૂરૂં કરવું. (એક ગાથાનું પ્રમાણ બે નવકાર પૂરતું સમજવું.) નવકારવાળી પણ બનતા સુધી પાંચ પાંચ ભેળી ગણવી, કદી પાંચ ભેળી ન ગણાય તો પણ જે ગણાય તે અધુરી તો નજ મૂકવી. અધુરી મૂકાય તો લેખામાં આવે નહીં. લોગસ્સની નવકારવાળીમાં પણ એ પ્રમાણેજ સમજવું. બની શકે તેટલો પૂર્વે કરેલો અભ્યાસ સંભારવાનો

૧ પોસહ વિધિમાં જુઓ. ૨ ઉપધાન બદલાયે નામ બદલવું.

અને નવો અભ્યાસ કરવાનો લાભ લેવો. વારંવાર આવી નિવૃત્તિ-આવો અવકાશ મળવો દુર્લભ સમજવો.

## 'ઇતિ સઝાયધ્યાન વિધિ.'

પડિલેહણમાં મુહપત્તિ, ચરવળો, કટાસણું અને પછી વસ્ત્રો પડિલેહવાં, તેનો અનુક્રમ અનુભવીથી જાણી લેવો. પડિલેહણ કરતાં બોલવું નહીં અને તેના બોલ દરેક ઉપકરણના જેટલા જેટલા છે તેટલા તેટલા મનમાં બોલતા જવા, તેનો અર્થ વિચારવો અને વસ્ત્રાદિકમાં જીવજંતુ હોય તો તેની બરાબર સંભાળ રાખી પડિલેહણ કરવી. વેઠ જાણીને કોઈ પણ ક્રિયા ઉતાવળથી કરવી નહીં.

ઉપધાનમાં પેઠા પછી પ્રથમના ત્રણ દિવસ સુધીમાં નવું વસ્ત્ર કે ઉપકરણ ઘરેથી લાવવું હોય તો લાવી શકાય-લઈ શકાય. ત્યારપછી લઈ ન શકાય.

## ૮ પુરૂષો અને સ્ત્રીઓએ રાખવાના ઉપકરણો.

### પુરૂષે નીચે પ્રમાણે ઉપકરણો રાખવાં.

૧ કટાસણું. ૧ મુહપત્તિ. ૧ ચરવળો. ૨ ધોતીઆ.

૨ ઉત્તરાસણ. ૧ માતરીયું (પંચીયું) ઠલ્લે માત્રે જતાં પહેરવા સારૂં.

૧ ઉત્તર પટ્ટો ૧ સંથારીયું.. ૧ ઓઢવાની ધાબળી.

૧ ખેળીયું (લુગડાનો કકડો) ૧ ડંડાસણ[1] (રાત્રે ભૂમિ પ્રમાર્જવા.)

---

૧ ઘણા જણ વચ્ચે એક હોય તો પણ ચાલે.

પુરૂષોએ સકારણ કટાસણું, મુહપત્તિ ને ચરવલા બે બે રાખવાની પણ પ્રવૃત્તિ છે.

## સ્ત્રી વર્ગે રાખવાના ઉપકરણો.

૨ કટાસણા. ૨ મુહપત્તિ. ૨ ચરવળા. ચોરસ ડાંડીના.
૨ સાડલા. ૨ ઘાઘરા. ૨ કંચુવા. ૩ ઠલે માત્રે જવાનાં વસ્ત્ર.
૧ ઉતરપટ્ટો. ૧ સંથારીયું. ૧ ઓઢવાની ધાબળી.
૧ ડંડાસણ (રાત્રે ભૂમિ પ્રમાર્જવા). ૧ ખેળીયું ( લુગડાનો કકડો).

વધારે વસ્ત્રો રાખવા તે ઉપધિ મટીને ઉપાધિરૂપ થાય છે. કિંમતી વસ્ત્રો પણ ન રાખવા, સાધારણ રાખવા. આભૂષણ નિરંતર પહેરવામાં આવતા હોય તેજ રાખવા, કાંઇ પણ આ નિમિત્તે વધારે ન પહેરવું. બની શકે તો કમી કરવું. સૌભાગ્યવતી સ્ત્રીએ સૌભાગ્યના ચિન્હ તરીકેનાં આભૂષણો રાખવાં.

## ૯ વાંચના લેવાનો વિધિ.

ઉપર બતાવી ગયા છીએ તે પ્રમાણે દરેક વાંચનાનો તપ પૂરો થાય ત્યારે પ્રાયે તપને દિવસે પ્રવેદન કર્યા પછી ખમાસમણ દઈને 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ વાયણા મુહપત્તિ પડિલેહું ?' ગુરૂ કહે 'પડિલેહેહ.' શિષ્ય 'ઈચ્છં' કહી મુહપત્તિ પડિલેહે. પછી બે વાંદણા દઈ 'ખમા૦ ઇચ્છા૦ વાયણા સંદિસાવું ?' ગુરૂ કહે 'સંદિસાવહ'. શિષ્ય 'ઇચ્છં' કહી 'ખમા૦ ઇચ્છા૦ વાયણા લેશું.' ગુરૂ કહે 'લેજો.' શિષ્ય 'ઇચ્છં' કહી 'ખમા૦ ઇચ્છકારી ભગવન્ પસાય કરી વાયણા પ્રસાદ કરો.' પછી ગુરૂ ત્રણ નવકાર ગણી જે વાંચના આપવાની હોય તેનું એકેક પદ કહે-શિષ્ય તે પ્રમાણે ઉચ્ચાર કરે. પછી ગુરૂમહારાજ

તેનો અર્થ સમજાવે. શિષ્યે જેટલી વાંચના લીધી હોય તેટલી તે દિવસે બરાબર શુદ્ધ કંઠે કરવી અને તેનો અર્થ ધારી લેવો. પ્રાંતે ગુરૂ મહારાજ 'नित्थारग पारगहोह गुरुगुणेहिं वड्ढिज्जाहि' આ પ્રમાણે આશીર્વાદ આપે, શિષ્ય પ્રાંતે 'તહત્તિ' કહી ખમાસમણ દઇ અવિધિ આશાતનાનો મિચ્છાદુક્કડ આપે.

ઇતિ વાયણા વિધિ.

વાંચનાને દિવસે ઉપર કહી ગયા પ્રમાણે વિધિથી (૨૫) ખમાસમણ વાયણા સંબંધી વધારે દેવા. વાંચના શ્રાવિકા ઉભી રહીને લેય, શ્રાવક ચૈત્યવંદન મુદ્રાએ લેય.

આ ઉપધાન જે જે સૂત્રોના વહેવામાં આવે છે તેના ઉદ્દેશની વિધિ પૂર્વે લખેલી છે. તેના સમુદ્દેશ ને અનુજ્ઞા જ્યારે માળા પહેરવામાં આવે છે ત્યારે એક સાથે છએ ઉપધાન સંબંધી કરવામાં આવે છે. ત્રીજું અને પાંચમું ઉપધાન કાળાંતરે વહેવામાં આવે ત્યારે તેનો ઉદ્દેશ જ પ્રવર્ત્તે છે, તેના પણ સમુદ્દેશ ને અનુજ્ઞા તો માળા વખતે જ કરવામાં આવે છે.

## ૧૦ આલોયણમાં દિવસ શું કારણે પડે ?

૧ નીવી કે આંબિલ કરીને ઉઠયા પછી વમન (ઉલટી) થાય તો.

૨ અન્ન એઠું મૂકવામાં આવે તો.

૩ નિષિદ્ધ આહાર (સચિત્ત, કાચી વિગય, લીલોતરી વિગેરે) નું ભક્ષણ થાય તો.

૪ પચ્ચખ્ખાણ પારવું ભૂલી જવાય તો.

૫ ભોજન કર્યા પછી ચૈત્યવંદન કરવું રહી જાય તો.

૬ દેરાસર જવું ભૂલી જાય તો.

૭ દેવ વાંદવા ભૂલી જાય તો.

૮ રાત્રે ( સાંજની વિધિ કર્યા પછી ને સવારની વિધિ કર્યા અગાઉ ) વડીનીતી કરવા જવું પડે તો.

૯ પોરિસી ભણાવ્યા સિવાય સૂઈ જાય, ઉંઘી જાય ને પો-રિસી ભણાવેજ નહીં તો.

૧૦ મુહપત્તિ ભૂલી જાય ને ૧૦૦ ડગલાં ચાલે તો. (સેનપ્રશ્ન)

૧૧ મુહપત્તિ ખોઈ નાખે તો. ( ઉપલક્ષણથી બીજા ઉપકરણ માટે પણ સમજવું. )

૧૨ શ્રાવિકાને ૠતુ સમયે ૨૪ પ્રહર ( ત્રણ દિવસ. )

૧૩ માખી, માકડ, જુ વિગેરે ત્રસ જીવનો પોતાને હાથે ઘાત થઈ જાય તો.

દિવસ પડે એટલે તપ લેખે લાગે પણ પૌષધ જાય એટલે તેટલા પૌષધ પાછળથી કરવા પડે, તે પૌષધ જો ઉપધાનની સાથે સાથે ભેળા જ થાય તો આયંબિલાદિ તપથી કરી શકાય પણ ઉપધાનમાંથી નીકળ્યા પછી કરવામાં આવે તો ઉપવાસ-ના તપપૂર્વક જ આઠ પહોરના કરવા પડે.

## ૧૧ આલોયણના કારણો.

બીજા શું શું કારણોથી સામાન્ય આલોયણ આવે છે તે આ નીચે બતાવેલ છે.

પડિલેહ્યા વિનાનું વસ્ત્ર કે પાત્ર વાપરે તો.

મુહપત્તિ ને ચરવળાની આડ પડે તો.

મોઢામાંથી એઠું નીકળે તો.
લુગડામાંથી કે શરિર ઉપરથી જુ નીકળે તો.
નવકારવાળી ગણુતાં પડી જાય તો.
સ્થાપનાજી પડી જાય તો.
પુરૂષનો સ્રીને, સ્રીનો પુરૂષને સંઘટ્ટ થાય તો.
કાજામાંથી જીવનું કલેવર નીકળે તો.
પડિલેહણુ કરતાં બોલે તો.
નવકારવાળી ગણુતાં બોલે તો.
એઠે મોઢે બોલે તો.
તિર્યંચનો સંઘટ્ટ થાય તો.
એકેંદ્રિય ( સચિત્ત ) નો સંઘટ્ટ થાય તો.
દિવસે નિદ્રા લેય તો.
રાત્રે સંથારાપોરિસી ભણુાવ્યા પહેલા નિદ્રા લેય તો.
દીવાની કે વીજળી આદિકની ઉજેહી લાગે તો.
માથે કામળી નાખવાના કાળમાં કામળી નાખ્યા સિવાય અગાસી જગ્યામાં જાય તો.
વર્ષાદિકના છાંટા લાગે તો.
વાડામાં સ્થંડિલ જાય તો.
બેઠા પડિક્કમણું કરે તો.
બેઠા ખમાસમણુ દેય તો.
ઉઘાડે મુખે બોલે તો.

આ સિવાય બીજા પણુ અનેક કારણો આલોયણુ આવે તેવાં છે તે પ્રસંગોપાત જાણી લેવાં. આની આલોયણુ શુ આપવી તે ગુરૂગમ્ય હકીકત છે. જો કાંઇ પણુ વિરાધના ન થઇ હોય તોપણુ દરેક ઉપધાનના ચોથા ભાગનો તપ આપવામાં

આવે છે અને તે ઉપધાનમાંથી નીકળ્યા પછી પોસહ સંયુક્ત કરવાનો છે, સઝાયધ્યાન પણ સાથે કરવાનું છે, દૃષ્ટાંત તરીકે પહેલા ઉપધાન સંબંધી કાંઈ પણ વિરાધના ન થઈ હોય તો-પણ ત્રણ અહોરાત્રિના પોસહ ઉપવાસથી કરવા અને ૬૦૦૦ સ્વાધ્યાય કરવી, અર્થાત્ ૬૦ નવકારવાળી બાધાપારાની ગણવી. એટલી આલોયણ તો અવશ્ય આપવામાં આવે છે. આ પ્રમા-ણે દરેક ઉપધાન માટે સમજવું. તે શિવાય બીજી બાબતની આલોયણ આલોયણ લેનાર શ્રાવક શ્રાવિકાની શરીર સ્થિતિ વિગેરે જોઇને આપવામાં આવે છે, તે હકીકત ગુરૂમહારાજને આધીન હોવાથી અહીં તે સંબંધી વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

ઉપર પ્રમાણે ઉપધાન વહન કરવાને પ્રાંતે પહેલું, બીજું, ચોથું, ને છઠું ઉપધાન વહન કરનારને વહેલામાં વહેલું છઠા ઉપધાનમાં પ્રવેશ કરે તે દિવસે અને મોડામાં મોડું છ માસની અંદર માળારોપણ કરવામાં આવે છે, અર્થાત્ માળા પહેરવામાં આવે છે. માળા પહેરવાથી ઉપધાન કર્યાની સમાપ્તિ મંદિરના શિખર ઉપર કળશ ચઢાવવાની જેમ થાય છે, તે અવશ્ય કરવા યોગ્ય ક્રિયા છે. માળા પહેરવાને આગલા દિવસે ઉત્તમ રેશમ વિગેરેની કરાવેલી માળા મહોત્સવપૂર્વક વરઘોડો ચઢાવી ગુરૂ પાસે લઇ જઇ ત્યાં તેની પ્રતિષ્ઠા કરાવીને પછી પોતાને ઘરે અથવા શ્રી સંઘે ઠરાવેલા–આદેશ આપેલા ગૃહસ્થને ઘરે લઇ જઇ બાજોઠ ઉપર પધરાવવી અને ત્યાં માળા પહેરનારે રાત્રિ જાગરણ કરવું. પરમાત્માની સ્તુતિ સ્તવનાદિવડે રાત્રિ વ્યતીત કરવી, પછી પ્રભાતે તે માળા લઈને ગુરૂમહારાજ પાસે માળા પહેરવા જવું.

# ૧૨ માળા પરિધાપન વિધિ.

ઉપધાનવિધિ વિગેરેમાં બતાવેલા શુભ મુહૂર્ત્તે ઉપધાન વહન કરેલા શ્રાવક શ્રાવિકા ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરી ગુરૂ મહારાજ પાસે આવે. ત્યાં નંદી મંડાવવામાં આવે, ઉપધાન-વાહક પોસહમાં ન હોય તો શ્રીફળ લઇ નંદીને ત્રણ પ્રદક્ષિણા આપે, પછી મુહપત્તિ, ચરવળો ગ્રહણ કરી ખમાસમણ દઇ ઇ-રિયાવહી પડિક્કમી, મુહપત્તિ પડિલેહી, વાંદણાં દઈ સમુદ્દેશને લગતી ક્રિયા કરે, ત્યારપછી અનુજ્ઞાને લગતી ક્રિયા કરે. તે ક્રિયા ગુરૂમહારાજને કરાવવાની હોવાથી અહીં લખી નથી. આ ક્રિયા છ ઉપધાન માટે ભેળી થાય છે. પછી ગુરૂમહારાજ માળાની અભિમંત્રિત વાસવડે પ્રતિષ્ઠા[૧] કરે. અને ત્યારપછી ગુરૂમહારાજ માળા પહેરાવનાર વૃદ્ધ બંધુ પુત્રાદિક જે હોય તેને બ્રહ્મચર્યાદિકનો યથાશક્તિ નિયમ કરાવી માળા તેના હાથમાં આપે એટલે તેઓ માળાને વંદન કરી પોતાના ને માળા પહે-રનારના કપાળમાં તિલક કરી ત્રણ અથવા સાત નવકાર ગણીને માળા પહેરાવે. ત્યારપછી માળા સહિત નંદીને ત્રણ પ્રદક્ષિણા ચારે બાજુ નવકાર ગણતા ને ખમાસમણ દેતા આપે. ગુરૂ-મહારાજ વાસક્ષેપ કરે. સકળ સંઘ પણ વાસક્ષેપ કરે. પ્રાંતે અવિધિ આશાતનાનો મિચ્છામિ દુક્કડ દેય.

ઇતિ માળારોપણ વિધિ.

માળારોપણનું કાર્ય થઇ રહ્યા પછી શિષ્ય ગુરૂમહારાજને ખમાસમણ દઇ હિતશિક્ષા દેવાની માગણી—પ્રાર્થના કરે એટલે ગુરૂમહારાજ દેશના આપે તે આ પ્રમાણે—

૧ પ્રથમ દિવસે સંધ્યાકાળે પણ પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

नाणं पयासगं सोहओ, तवो संजमो अ गुत्तिधरो ।
तिण्हंपि समाओगे, मुक्खो जिणसासणे भणिओ ॥१॥
मुक्तिकनीवरमाला, सुकृतजलाकर्षणे घटीमाला ।
साक्षादिव गुणमाला, माला परिधीयते धन्यैः ॥२॥

" પ્રકાશક એવું જ્ઞાન, આત્માને શુદ્ધ કરનાર તપ અને ગુપ્તિધારક સંયમ એ ત્રણુનો સંયોગ થવો તેને જિનશાસનને વિષે મોક્ષ કહ્યો છે. "

" મુક્તિરૂપી કન્યાની વરમાળા જેવી, સુકૃત જે પુણ્ય તે રૂપ જળનું આકર્ષણુ કરવામાં ઘડિમાળ-રેંટ જેવી અને સાક્ષાત ગુણોની માળા હોય તેવી આ માળા ધન્ય મનુષ્યો જ ધારણુ કરે છે. "

ગુરૂમહારાજ આ પ્રમાણે ઉપદેશ આપે છે, ત્યારબાદ માળારોપણુ કાર્યની સમાપ્તિ થાય છે. માળા પહેરનાર ઉપધાનવાહકોએ તે દિવસે ઉપવાસ અથવા આંબીલ કરવું અને રાત્રિએ પોસહ લેવો, માળા પહેરે તે વખતે વાજીંત્રો વગડાવવા, ગીત ગવરાવવા, સ્વજન વર્ગે પહેરામણી માળા પહેરનારને કરવી, માળા પહેરનારે દેવપૂજા, ગુરૂભક્તિ, જ્ઞાનપૂજા કરવી, પ્રભાવના કરવી, યથાશક્તિ સ્વામીવચ્છલ કરવું.

ઇતિ માળા પરિધાપન વિધિ.

માળા પહેર્યા પછી બીજે દિવસે એકાશન કરવું. માળા પહેર્યા પછી ઓછામાં ઓછા દશ દિવસ અને વધારેમાં છમાસ પર્યંત માળા પહેરનારે બ્રહ્મચર્ય પાળવું, ભૂમિ શયન કરવું,

સચિત્તનો ત્યાગ કરવો,[1] સાવદ્ય આરંભ તજવો, ઉપવાસ આંબીલાદિ તપ કરવા અને દશ દિવસ સુધી હંમેશાં ૧૦૦ લોગસ્સનો કાઉસગ્ગ કરવો ને ૨૦ નવકારવાળી ગણવી.

માળા પહેર્યા પછી ઉપધાનના દિવસોમાં લાગેલા દોષોની નોંધ કરી-કરાવી રાખ્યો હોય તે ઉપધાન વહન કરાવનાર ગુરૂમહારાજ પાસે લઇ જઇ તેઓ સાહેબ જે આલોયણ આપે તે ગ્રહણ કરવી અને તે મુદતની અંદર પૂર્ણ કરી આપવી.

## ૧૩ આલોયણ લેવાનો વિધિ.

પોતપોતાના ઉપધાનની સમાપ્તિમાં તપને દિવસે સંધ્યા પ્રવેદન પછી મુહપત્તિ પડિલેહી બે વાંદણાં દઇ ખમાસમણ પૂર્વક 'ઇચ્છા૦ સોધિ સંદિસાવું ?' ગુરૂ કહે 'સંદિસાવહ' શિષ્ય 'ખમા૦ ઇચ્છા૦ સોધિ કરશું.' ગુરૂ કહે 'કરજો' શિષ્ય 'તહત્તિ' કહે. પછી એક નવકાર ગણી 'ઇચ્છકારી ભગવન્ પંસાય કરી શુદ્ધિ અતિચાર આળોવાવો.' એમ કહી અવગ્રહમાં પેસી, દુષ્કૃત્ય આળોવે-મિચ્છાદુક્કડ આપે. લાગેલા દોષ ગુરૂ પાસે પ્રગટ કરે અને ગુરૂમહારાજ આપે તેટલી આલોયણ કરવાનું કબુલ કરે, ઇતિ આલોચના વિધિ.

આ વિધિ દરેક ઉપધાનને અંતે ન કરવામાં આવે તો ઉપધાન પૂર્ણ થયા પછી અથવા માળા પહેર્યા પછી ગુરૂ પાસે જ્યારે આલોયણ લેવા જાય ત્યારે ઇરિયાવહી પડિક્કમીને કરવા યોગ્ય છે.

---

૧ બીજો તપ છ માસ સુધી ન થઇ શકે તો સચિત્તનો ત્યાગ તો બનતા સુધી છ માસ સુધી જરૂર કરવો. ઉનું પાણી પીવું.

ઉપધાન વહન કરનાર શ્રાવક શ્રાવિકાએ પોતાની જીંદગીના પાછલા ભાગમાં પણ ઉપધાન વહન કર્યાની યાદગિરિ માટે સચિત્તાદિકનો કાયમને માટે ત્યાગ કરવો. બ્રહ્મચર્યાદિકનો યથાશક્તિ નિયમ કરવો, પર્વતિથિએ પૌષધ તપસ્યાદિ કરવાનું લક્ષ રાખવું. કલેશ, કંકાસ, નિંદા, વિકથા, મહા આરંભ પરિગ્રહાદિક કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. ચૌદ નિયમ ધારવાની અને સવાર સાંજ પ્રતિક્રમણાદિક કરવાની પ્રવૃત્તિ રાખવી. સામાયિક, દેવપૂજા, ગુરૂવંદનાદિ દરરોજ અવશ્ય કરવું. દર વર્ષ તીર્થયાત્રા કરવી, યથાશક્તિ સ્વામીવચ્છલાદિ કરવું. ટુંકામાં ઉપધાન વહન કર્યાની યાદદાસ્ત તાજી રહે અને તે મહાન્ ક્રિયા ઉજ્વળ રહ્યા કરે તેવી પ્રવૃત્તિ કરવી. પાપકાર્યથી નિરંતર પાછા હઠવું. સમકિતમાં તો પ્રાણાંતે પણ દૂષણ ન લગાડવું. શુદ્ધ દેવ ગુરૂ ધર્મની દૃઢ શ્રદ્ધા રાખવી. ઇતિ.

## ૧૪ ઉપધાન સંબંધી વિશેષ હકીકત.

આ હકીકત ઉપધાનવાહકે ખાસ ધ્યાનમાં રાખવા લાયક હોવાથી જુદી જુદી વિધિઓની પ્રતોમાંથી તેમજ સેનપ્રશ્નાદિકમાંથી ગ્રહણ કરીને લખવામાં આવી છે.

૧ જે જે સૂત્રોને માટે ઉપધાન વહન કરવામાં આવે છે તેનો ઉદ્દેશ ઉપધાન વહેતાં કરવામાં આવે છે, ને સમુદ્દેશ તથા અનુજ્ઞા બધા સૂત્રોની માળા પરિધાપન વખતે કરવામાં આવે છે. તેમાં ઉદ્દેશ તે સૂત્રાર્થ ગ્રહણ કરવાની યોગ્યતા, સમુદ્દેશ તેનું જ વિશેષપણું અને અનુજ્ઞા તે તે સૂત્રો પઠન પાઠન કરવાની આજ્ઞા એમ સમજવું.

૨ દેવવંદનના સૂત્રો કે જેના ઉપધાન વહન કરવામાં આવે છે, તે સિવાયના બીજા સામાયિકાદિ આવશ્યકના સૂત્રો માટે

ઉપધાન વહન કરવાનું ફરમાન નથી. તદુપરાંત ચઉસર-ણાદિ ચાર પયન્ના અને દશવૈકાલિક સૂત્રના ૪ અધ્યયન ભણવાની શ્રાવકને છુટ છે. તેને માટે ત્રણ ત્રણ આયંબિલ કરીને વાંચના લેવાનો વિધિ છે. તે ગુરૂગમથી જાણી લેવો.

૩ ઉપધાન વહન કર્યા અગાઉ નવકારાદિ ભણવા ભણાવવામાં આવે છે તે જીત વ્યવહાર તથા સંપ્રદાયથી થાય છે, પરંતુ તે ભણ્યા પછી પણ પહેલી જોગવાઇએ ઉપધાન વહન કરવાની જરૂર છે.

૪ ઉપધાનમાં કે અન્ય દિવસે પોસહ પ્રથમ પહોરમાં જ લઈ શકાય છે. પ્રથમ પ્રહર વ્યતીત થયા પછી લઈ શકાતો નથી.

૫ સામાન્ય પૌષધના એકાસણામાં પણ લીલોતરીનું શાક, પાકાં ફળ, તેનો રસ વિગેરે વર્જ્ય છે.

૬ ઉપધાન સંબંધી એકાશનમાં મુખ્ય વૃત્તિએ તો સરસ આ-હારનો નિષેધ છે, પરંતુ તપસ્યા વિશેષ હોવાથી શરીર-શક્તિ નભાવવાને માટે તેવા પદાર્થો લેવામાં આવે છે, તો પણ તેમાં બને તેટલી ઓછાશ રાખવી ને આસક્તિ તજવી.

૭ ઉપધાન સંબંધી કે અન્ય પૌષધમાં ધાબળી માથે નાંખ-વાના કાળ વખતે અગાસે જવું પડે તો કામળી ઓઢીને જવું. માથે કટાસણું નાખીને જવું નહીં અને ઓઢેલી કામળી ખીંતીએ મૂકી રાખવી, બે ઘડી સુધી તેને પાથ-રવી નહીં કે ઉપયોગમાં લેવી નહીં.

૮ ક્રિયા કરવા માટે વસ્તી શુદ્ધ હોવાની પ્રથમ આવશ્યકતા છે, તેથીજ ગુરૂમહારાજ ક્રિયા કરાવે છે ત્યારે પ્રારંભમાં ' સુદ્ધા વસહી ' એટલે ' વસ્તી શુદ્ધ છે ' એમ કહેવામાં

આવે છે. તેવી રીતે કહ્યા અગાઉ સુજ્ઞ શ્રાવક શ્રાવિકાએ ક્રિયા કરવાના સ્થાનની ચોતરફ ૧૦૦ સો હાથ વસ્તી જોઇ લેવી, તેમાં મનુષ્ય કે તિર્યંચનું શબ કે તેના શરીરનો હાડરૂધિરાદિ ભાગ પડ્યો હોય તો તે ત્યાંથી દૂર કરાવવો, ત્યારપછી ત્યાં ક્રિયા થઇ શકે. તિર્યંચનું શબ કે તેનો વિભાગ ૬૦ હાથની અંદર રહેવો ન જોઈએ. મનુષ્યનો ૧૦૦ હાથની અંદર રહેવો ન જોઇએ.

૯ ઉપધાનની અંદર તૈલાભ્યંગ-તેલ ચોળાવવું અને ઔષધ લેવું તેનો નિષેધ છે, પરંતુ પ્રબળ કારણે ગુરૂની આજ્ઞાથી લેવું.

૧૦ અંધને ઉપધાન વહનનો નિષેધ નથી, પરંતુ તેને બીજા સચક્ષુ મનુષ્યની સહાયની અપેક્ષા છે.

૧૧ ક્રિયા કરતાં સ્થાપનાચાર્ય ને ક્રિયાકારકની વચ્ચે મનુષ્ય તિર્યંચાદિની આડ પડવી ન જોઈએ.

૧૨ સમુદાયે પડિલેહણ કરીને કાજો ઉદ્ધર્યો હોય ત્યારપછી કોઈ એકાકી પડિલેહણ કરે તો તેણે પણ કાજો ઉદ્ધરવો જોઈએ.

૧૩ ઉપધાનમાંથી નીકળે તે દિવસે એકાશન કરવું જોઇએ ને રાત્રે પોસહ લેવો જોઇએ.

૧૪ ચાતુર્માસમાં ઉપધાન વહન કરનારે પાટ પાટલા વાપરવા.

૧૫ માળા વહેલામાં વહેલી આસો શુદિ ૧૦ મે પહેરી શકાય.

૧૬ છઠીયાને પહેલે દિવસે માળા પહેરી શકાય છે, પણ તે પ્રબળ કારણ હોય તો અને તેમ કરવું પડે તો તે દિવસે પ્રવેદન કરાવી પહેલી વાંચના આપીને પછી માળા પહેરાવે.

૧૭ જે દિવસે વાંચના લેવાની હોય તે દિવસે સવારે લેવી ભૂલી જાય તો સાંજે પવેણું કર્યા અગાઉ લેય. તે વખતે પણ ભૂલી જાય તો બીજે દિવસ સવારે પવેણું કર્યા અગાઉ લેય–તો તે દિવસ બીજી વાંચનામાં ગણી શકાય.

૧૮ ઉપધાનમાંથી નીકળ્યા પછી જો માળા પહેરવામાં આવે તો માળા પહેરવાના પ્રથમ દિવસે એકાશન કરવું, માળા પહેરવાને દિવસે ઉપવાસ કરવો, ને તે પછીના દિવસે એકાશન કરવું, એમ ચતુર્થ ભકત કરવું

૧૯ માળા પહેરાવનારે પણ તે દિવસે ઓછામાં ઓછો એકાશનનો તપ કરવો.

૨૦ સાંજ સવારની પ્રવેદનની ક્રિયામાં, સાંજની પડિલેહણમાં અને સો કદમ ઉપરાંત સ્થંડિલ માત્રું કરવા, દેરાસર દર્શન કરવા અથવા કોઇ પણ કારણે જવું થાય તો ઇરિયાવહી પડિક્કમીને ગમણાગમણે આલોવવા જ જોઇએ.

૨૧ ઉપધાનવાહક સ્ત્રીઓએ માર્ગે ચાલતાં ગીતગાન કરવું યોગ્ય નથી એમ શ્રી હીરપ્રશ્નમાં કહ્યું છે.

૨૨ નંદી માંડવાની હકીકત શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહેલી છે.

૨૩ ઉપધાનમાં ઉપવાસને દિવસે કલ્યાણક તિથિ આવે અને ઉપધાનવાહક કલ્યાણક તપ કરતો હોય તો તે ઉપવાસથીજ સરે.

૨૪ આલોયણનો તપ સ્ત્રીજાતિ ઋતુસમયમાં કરે તો લેખે ન લાગે.

૨૫ આલોયણ જે જે બાબતની ઉપર ગણવામાં આવી છે, તે બધા કાયયોગને લગતા પ્રકારો છે, પરંતુ ઉપધાનવાહકે

મનમાં પણ આહટ્ટ દોહટ્ટ ચિંતવવા નહી અને વચનદ્વારા કોઇને કર્કશ વચન કહેવા નહીં, કલેશ કરવો નહી, ભૂલે ચુકે ગાળ દેવી નહીં, વિકથા કરવી નહીં, પરનિંદા કરવી નહીં, ઇત્યાદિ વચનયોગ સંબંધી ક્રિયા જો વિપરીત કરવામાં આવે તો તેની વિશેષ આલોયણ આવે છે એમ સમજવું અને તે ગુરૂમહારાજ પાસે પ્રકાશિત કરવું.

આ ક્રિયામાં મુખ્યતા પૌષધની છે. અને પૌષધને લગતી તમામ વિધિઓ, સુત્રો તેના અર્થો તથા જરૂરની સમજુતીઓ અમારી છપાવેલી પૌષધવિધિ નામની બુકમાં લખેલ છે, તેથી આ બુકની સાથે તે પણ રાખવી અને બંને બુક સાથે વાંચી જવી, જેથી પ્રયાસકારકનો પ્રયાસ સફળ થાય. તથાસ્તુ.

## ॥ अथ उपधाननुं स्तवन ॥

### ( ढाळ १ ली. देशी त्रुटकनी )

श्री वीरजिणेश्वर,सुपरे दीए उपदेश ॥ सुणे बार परखदा, नही परमाद प्रवेश ॥ सुणजोरे श्रावक, जो वहीए उपधान ॥ नवकार गण्या तो, सुझे सुगुणनिधान ॥ १ ॥ त्रुटक ॥ पडिकमणुं किरिया तो सुझे, जो वहीए उपधान ॥ इम जाणी उपधान वहो तुमे, श्रावक थइ सावधान ॥२॥ नवकारतणो तप, पहेलुं अढारीउं होय ॥ ईरियावहीनो तप, बीजुं अढारीउं जोय ॥ ए बेहु उपधाने, दिन अढार अढार ॥ उपवास एकासण, तप होय साडाबार ॥ ३ ॥ त्रुटक ॥ साडाबार उपवास ते कीजे, गुरुमुख

पोसो लीजे ॥ चोथ एकंतर एक एकासणुं, पापपडल सवी छीजे ॥ ४ ॥ ए बेहु उपधानमें, मांडी नांद मंडाण ॥ पूजा परभावना, उच्छव करो सुजाण॥ किरिया सवि सुधी, साधुनी रहेणी रहीए ॥ देहरे देव वांदो, सुमति गुपति निरवहीए ॥५॥ सुमति गुपति सुपरेआराधो चैत्यवंदन न विसारो ॥ दोयसहस नवकार गणोने, पोरसी भणो संथारो ॥६॥ पांचे उपवासे, पहेली वायण होय ॥ तप पूरे बीजी, गुरुमुख लीजे सोय ॥ एठुं जो छंडे, तो तस दिहाडो वाधे ॥ तिम मुहपत्ति पाडे, जो सोधंतां नवी लाधे ॥७॥ तिम अकाल सजाइ वमने, दिहाडो लेखे नावे ॥ जीवघात विकथा हास्यादिक, तो आलोयण आवे ॥८॥ अरिहंतचेईयाणं, चोकीयुं तस उपधान ॥ उपवास ने आंबिल, चार दिवसनुं मान ॥ उपवास अढी जव, तप संपूरण थाय ॥ वायणा तव लीजे, पामी सुगुरुपसाय ॥९॥ सुगुरुपसाये छक्कीयुं वहीए, सात दिवस परिमाण ॥ बे उपवासे पुख्खरवरदी, अढीए सिद्धाणं बुद्धाणं ॥ १० ॥

( ढाल २ जी—देशी उधारनी. )

भाइ हवे माळ पहेरावो ॥ साहमी साहमिणने नोतरावो ॥ भला भोजन भक्ति करावो ॥ रुपानी रकेबी घडावो ॥ १ ॥ मांहे मेवा मीठाइ भरीए॥ हीरागल कमखा धरीए ॥चतुराइनी चाल म चूको ॥ मांहे रुपानाणुं मूको ॥ २ ॥ चार पोहोर

देवडावे भास ॥ गाय गंधरप जिनगुणरास ॥ साहमिणीने द्यो
तंबोल ॥ इम रातीजगे रंगरोल ॥३॥ इणीपरे ए माल जगावो ॥
नेजां निशाण मंगावो ॥ पंच शब्द ढोल सरणाई ॥ सांबेला
सबळ सजाई ॥ ४ ॥ कुंअरीशिर खुंप भरीजे ॥ इंद्राणी शि-
णगारीजे ॥ जिनशासन सोह चढावो ॥ जगे बोधबीज इम
वावो ॥५॥ गयवर शिर ठवीए माळ ॥ मार्गे दीयो दान
रसाळ ॥ इणीपरे संघ साजन साथे ॥ माळ आणी दीओ
गुरुहाथे ॥६॥ गुरुराय ठवे तिहां वास ॥ श्रावक मन अतिहो
उल्लास ॥ जेहने माला कंठे ठवीजे ॥ मणिमय भूषण तस दीजे
॥७॥ अंगपूजा प्रभावना कीजे ॥ व्रतधारी पहेरामणी दीजे॥
पाठां पुस्तक ने रुमाल ॥ गुरुभक्ति करो सुविशाल ॥ ८ ॥
हवे शक्रस्तव उपधान ॥ पांत्रीश दिवस तस मान॥ उपवास
साडीउगणीश ॥ वायणा त्रण अतिही जगीश ॥ ९ ॥ हवे
अठावीसह जेह ॥ उपधान लोगस्सनुं तेह ॥ साडापन्नर
उपवास ॥ वायणा त्रण लीलविलास ॥१०॥ इणिपरे ए छ-
उपधान ॥ श्रावक श्राविका थाओ सावधान ॥ वही सफल
करो अवतार ॥ संसारतणो लहो पार ॥ ११ ॥

## कलश.

श्री वीरजिनेश्वर उपधानविधि इम भविक हितहेते कहे॥
महानिशिथसिद्धांतमांहे सुलभबोधी सद्दहे ॥ आराधीए उप-

धान वहेतां च्यारे भेदे धर्म ए ॥ दान शील तप भाव सुभग तो पामीए शिवशर्म ए ॥ १ ॥ अघटघाट शरीर होय ते घाटमांहे आवे घणो ॥ खमासमण मुहपत्ति किरीया जाणे विधि श्राव-कतणो ॥ उपधानना गुण कहुं केता कहेतां नावे पार ए ॥ होय सफल श्रावकतणी किरीआ उपधाने निरधार ए ॥२॥ त-पगच्छनायक सुमतिदायक श्री विजयप्रभसूरीश ए ॥ पुन्यप्रतापे अधिक दिनदिन जगत जास जगीश ए ॥ श्री कीर्तिविजय-उवज्झायसेवक विनय इणिपरे विनवे ॥ देवाधिदेवा धर्महेवा देजो मुझने भवोभवे ॥ ३ ॥ इति ॥

## કેટલીક વધારે સમજુતી.

ચૈત્ર અને આસો માસમાં શુદિ ૭-૮-૯ એ ત્રણ ત્રણ દિવસ અને ઈદનો દિવસ એ ચાર દિવસ અસઝાયના હોવાથી ઉપધાનમાં ગણી શકાતા નથી, પરંતુ ચોથા ને છઠા ઉપધાનમાં તેનો બાધ ગણાતો નથી.

सव्वलोए આ ચાર અક્ષરો કેટલીક વિધિમાં ચોથા ઉપધાનમાં ચૈત્યસ્તવના પ્રારંભમાં અને કેટલીક વિધિમાં પાંચમા ઉપધાનમાં નામસ્તવના અંતમાં વાંચના આપવા માટે લખવામાં આવ્યા છે. ઉપધાન વહેવરાવનારે પ્રવૃત્તિ અનુસાર તેની વાંચના આપવી.

સાંજની ક્રિયા પ્રવીણ શ્રાવિકા સ્થાપનાચાર્ય સમિપે પણ કરી શકે એમ શ્રી હીરપ્રશ્નમાં કહેલ છે.

વરસાદનું આવવું અકાળ વૃષ્ટિ કહેવાય છે, પણ તેથી ઉપધાનમાં દિવસ પડતો નથી.

કાર્તિકાદિ ત્રણ ચાતુર્માસમાં અઢી દિવસની અસજ્ઝાય ગણાય છે તે ઉપધાનમાં ગણવાની નથી.

ચાર કે છએ ઉપધાન વહ્યા પછી ૧૨ વર્ષ વ્યતીત થઇ ગયા હોય ને માળ પહેરી ન હોય તો ત્યારપછી ઉપધાન બધા ફરીને વહેવા પડે, પણ જો તેવી શક્તિ ન હોય તો ૧૨ાા ઉપવાસ કરાવી માળ પહેરાવવી. માળનું મુહૂર્ત નજીકમાં હોય તો ૬ ઉપવાસ કરાવી માળ પહેરાવવી, બાકીના ૬ાા ઉપવાસ પછી કરાવવા. આવો લેખ છે.

જરૂરી કારણે પાળી પલટાવવામાં આવે છે એટલે બે એકાસણા એક સાથે કરાવવામાં આવે છે.

આ શિવાય બીજી કેટલીક અપવાદીક હકીકત છે તે પ્રવાહ માર્ગ તરીકે ગણાઇ જવાના ભયથી આ બુકમાં લખેલ નથી. ઉપધાન વહેવરાવનારે તેનો યથાયોગ્ય ઉપયોગ વિધિની પ્રતો વિગેરે જોઇને કરવો.